# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

| | | | |
|---|---|---|---|
| www.jau.in | www.aau.in | www.nau.in | www.sdau.edu.in |

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષા(એ-ગ્રુપ)ના અભ્યાસક્રમો માં ઓનલાઇન કેન્દ્રિય પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨**

ગુજરાત રાજ્યની આણંદ, જૂનાગઢ, નવસારી તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ સાથે) ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના એ-ગ્રુપના (Physics, Chemistry and Mathematics) જ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઇચ્છુક ઉમેદવારો માટે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન પ્રવેશ અરજીપત્રક ભરવા માટે વેબસાઇટ **a.gsauca.in** દ્વારા **તા.૧૩/૦૯/૨૦૨૧ થી તા.૨૩/૦૯/૨૦૨૧ દરમ્યાન ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/ નેટ બેન્કીંગ દ્વારા અરજી ફી પેટે રૂા. ૨૦૦/- ઓનલાઇન ભર્યા બાદ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે. તેમજ પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઇન થશે.**

પ્રવેશ અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી **a.gsauca.in** પરથી મેળવી શકાશે. સદર કાર્યક્રમની તારીખોમાં ફેરફાર ને અવકાશ હોઇ જે અંગેની અદ્યતન માહિતી ઉપરોક્ત વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે. હવે પછી પ્રવેશ કામગીરી અંગેની કોઇપણ જાહેરાત આપવામાં આવશે નહીં. જેની વાલી/વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

| **“A” ગ્રુપના સંલગ્ન અભ્યાસક્રમો PCM (A-Group)** | **અરજી ફીની રકમ (ચલણ)** |
|---|---|
| • B.Tech. (Agricultural Engineering) | ૨૦૦/- |
| • B.Tech. (Food Technology) | |
| • B.Tech. (Renewable Energy & Environmental Engineering) | |
| • B.Tech. (Agricultural Information Technology) | |

નોંધ: PCM = Physics, Chemistry and Mathematics

| | | |
|---|---|---|
| અગત્યની સૂચના : | (૧) | સદર અભ્યાસક્રમોમા પ્રવેશ માટે ચાલુ વર્ષે GUJCET આપેલ હોવી જરૂરી છે. |
| | (૨) | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ઓનલાઇન વેબસાઇટ **a.gsauca.in** પરથી ડાઉનલોડ કરી શકાશે. **માહિતી પુસ્તિકાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવુ.** |
| | (૩) | ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓના ફોર્મનું વેરીફીકેશન પણ ઓનલાઇન જ કરવામાં આવશે. ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવેલ વિગતમાં કોઈ વાંધો/ભૂલ હશે તો તેની ઓનલાઇન પૂર્તતા વિદ્યાર્થીને જાણ કર્યા બાદ વિદ્યાર્થીએ ૫ દિવસમાં કરવાની રહેશે અને તે માટે એક જ તક આપવામાં આવશે. |
| | (૪) | **ઓનલાઈન ફોર્મનું વેરીફીકેશન થયા બાદ ચોઇસ ફીલીંગ કરવું ફરજીયાત છે.**અન્યથા મેરીટ યાદીમાં નામનો સમાવેશ થશે નહીં. મોક રાઉન્ડ પૂર્ણ થયા બાદ જે ચોઇસ ફીલીંગ કરી હશે તે આખરી ગણાશે. ત્યારબાદ ચોઈસ ફીલીંગ બદલી શકાશે નહી. |
| | (૫) | પ્રવેશની કાર્યવાહી ઓનલાઇન કરવામા આવશે. જે અંગેની તારીખો માહિતી પુસ્તીકામાં જણાવવામાં આવશે અને ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા જણાવેલ તારીખ મુજબ હાથ ધરવામાં આવશે. અનિવાર્ય સંજોગોમાં તારીખમાં ફેરફાર થવા પાત્ર છે. |
| | (૬) | પ્રવેશ અંગેની તાજેતરની માહિતી માટે વેબસાઇટ **a.gsauca.in** ની નિયમિત મુલાકાત લેતા રહેવું. |

તા. ૦૭/૦૯/૨૦૨૧

કુલપતિ અને નોડલ અધિકારીશ્રી (એ-ગ્રુપ પ્રવેશ)
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ